ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારીનું અચાનક રાજીનામુ

કોઈપણ કારણ વગર નોટીસ ફીના એક પગારના ચલણ સાથે રાજીનામુ ધરી દેતા અનેક તર્ક વિતર્ક

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્માના આયોજન અધિકારી સહ તાલુકા વિકાસ અધિકારીએ અચાનક નોકરી છોડી દેવાનો નિર્ણય કરી નોટીસ ફીના એક પગારના ચલણ સાથે રાજીનામુ ડીડીઓને મોકલી આપતાં સમગ્ર તાલુકામાં આશ્ચર્ય સાથે અનેક તર્ક વિતર્કની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

ખેડબ્રહ્મા તાલુકાના આયોજન અધિકારી સહ તાલુકા વિકાસ અધિકારી તરીકે કે.જે. પટેલ અચાનક રાજીનામુ આપી દેતા તાલુકા પંચાયત સંકુલમાં સોપો પડી જવા પામ્યો હતો. કે.જે. પટેલ ટી.ડી.ઓ. તરીકે તા. ૧૩-૮-૧૩ના રોજ ફરજ ઉપર હાજર થયા હતા અને આઠ માસના ટુકા સમયમાં જ બધા લાભ જતા કરી રાજીનામુ આપવાનો નિર્ણય કર્મચારીઓ સહીત રાજકીય આગેવાનોને હજમ થતો નથી અને રાજીનામુ અંગે સમગ્ર તાલુકામાં અનેક તર્ક વિતર્કની ચર્ચાઓએ જોર

પકડ્યું છે. લોક સભાની ચૂંટણીના સમયે જ નોકરી છોડવાનો નિર્ણય કોઈના દબાણ હેઠળ લેવાયો છે કે કેમ ? પણ આ અંગે ટી.ડી.ઓ. કશું બોલવા તૈયાર નથી. કે.જે. પટેલ રૂ. ૪૦૭૯૩ના માસિક એક પગારનું ચલણ નોટીસ ફી પેટે પણ રાજીનામા સાથે મોકલ્યુ છે. ટી.ડી.ઓ.ના રાજીનામાથી તેમને રૂ. ૨૫ લાખ જેટલુ નુકશાન થશે તેવી ચર્ચાઓ તાલુકા પંચાયતના કર્મચારીઓ કરી રહ્યા છે.

ટીડીઓ કે.જે. પટેલને રૂબરૂ મુલાકાતમાં જણાવ્યુંહતુંકે મારા કૌટુંબીક કારણોસર રાજીનામુ આપ્યું છે અને હું ચાર વર્ષ પછી નિવૃત્ત થવાનો હતો પણ આ સમય હુ મારા પરિવાર સાથે ગાળવા માગુ છુ.

ટીડીઓ કે.જે. પટેલે ખેડબ્રહ્માની સ્ટેટ બેંકમાં ૦૫૧૫ અ.ગ્રામ વિ. કાર્યક્રમના હેડે રાજીનામા અંગે એક માસ નોટીસ પગાર રૂ. ૪૦૭૯૩ જમા કરાવવામાં આવ્યા છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામ જન્મદિન એટલે 'ચૈત્રી સુદ નોમ'ને રામનવમીના રોજ પાલનપુરમાં પૌરાણીક રામજી મંદિર ખાતેથી રામ ભક્તો દ્વારા ભવ્ય શોભાયાત્રા ધામધૂમપૂર્વક કાઢવામાં આવી હતી.

પાટણના સોનીવાડામાં મંદિરના બીજા માળે આગ ભભુકી ઉઠી

પાટણ શહેરના હાર્દસમા ગોલ્ડન વિસ્તાર તરીકે ઓળખાતા સોનીવાડામાં આવેલ રુગનાથજીની પોળ પાસેના અતિપ્રાચીન વૈષ્ણવ સંપ્રદાયના ગુરૂમંદિર ગણાતા શ્રી ગોપીનાથજી મંદિરનાં ઉપરના માળે બપોરના ખરા મધ્યાહન સમયે શોર્ટસર્કીટ સર્જાતા આગ ભભુકી ઉઠી હતી. ત્યારે આ બનાવને પગલે સમગ્ર સોનીવાડા વિસ્તાર સહિત ઝવેરી બજારમાં ભારે અફડાતફડીના માહોલ સાથે લોકોમાં હાહાકાર મચી ગયો હતો. હવેલી સમા ગોપીનાથજી મંદિરમાં સોર્ટસર્કીટથી આગે ગણતરીની મીનીટોમાં જ પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગની અગનજ્વાળાઓએ ઉપરના માળને ભીંસમાં લેતા ઉપરના માળે રહેલ લાકડાનો કાટમાળ સહિત અન્ય સામાન આગની અગનજ્વાળાઓમાં લપેટાઈને બળઈને ભસ્મીભુત થઈ ગયો હતો. (તસવીર : ચેતન રામી, પાટણ)

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ અરવલ્લી ઘટક આયોજિત નવા પદાધિકારીઓનો સત્કાર સમારોહ

મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા નજીકના દધાલિયા ગામમાં ગુજરાત ગુરૂબ્રાહ્મણ સમાજ-અરવલ્લી દ્વારા રાજમંદિર ખાતે સમાજના રાજયકક્ષાના નવા વરાયેલા પદાધિકારીઓ શ્રી ગૌતમભાઈ ગેડિયા અને શ્રી જયંતિભાઈ શ્રીમાળીનો સત્કાર સમારોહ યોજવામાં આવ્યો હતો.

રાજમંદિરના બાવજી પૂ. પૂનમચંદજી મહારાજ-અરવલ્લી ઘટકના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પંડયા, મહામંત્રીશ્રી ગિરધરભાઈ પંડયા સહિતના સમાજના આગેવાનોએ શાલ ઓઢાડી સાફો બાંધી, કુમકુમ તિલક કરી મહાનુભાવોનું અભિવાદન કર્યું હતું. બંને પદાધિકારીઓએ વ્યકતવ્યમાં સમાજને શિક્ષણના માર્ગે આગળ વધવાની જરૂરિયાત અને સમાજના મંજબૂત સંગઠન માટે ઉત્સાહી કાર્યકરો વધુ સક્રિય થવાના અભિયાન તરફ આગળ વધી રહ્યા છે તેમ જણાવી સાબરકાંઠા અને અરવલ્લી ઘટકની કામગીરીને અત્યંત બિરદાવી હતી તથા આગામી કાર્યક્રમોના અમલીકરણ માટેનું ચિંતન રજુ કર્યું હતું.

નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે ખભેખભો મિલાવી કામ કરો : હેમલત્તાબેન પટેલ

ધનસુરામાં ભાજપ કાર્યાલયનો શુભારંભ

ધનસુરા, તા. ૧૦

લોકસભાની ચૂંટણીને લઈને સાબરકાંઠા-૦૫ બેઠક પર ભાજપ દ્વારા ધનસુરામાં ભાજપ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો છે.

લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈ ઉમેદવારોને વિજયી બનાવવા માટે પક્ષો દ્વારા તાલુકાક્ષેત્રે કાર્યાલય ખોલવામાં આવતા હોય છે. ત્યારે સાબરકાંઠા-૦૫ બેઠકના ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડને વિજયી બનાવવા માટે ધનસુરા ખાતે ભાજપ કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો છે.

શુભારંભ પ્રસંગે સાબરકાંઠા ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, તાલુકા ભાજપ પ્રમુખ અનિલ પટેલ, કારોબારી સભ્યો, ગોપાલ ઠેકડી, અતુલ બ્રહ્મભટ્ટ, મનહર દેસાઈ, હેમલત્તા પટેલ સહિત અનેક અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેમલત્તા પટેલે કાર્યકરોને સંબોધન કર્યુ હતુ. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના પનોતા પુત્ર અને રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને દેશના વડાપ્રધાન બનાવવા માટે આપણે ખભેખભા મિલાવીને કાર્ય કરવું પડશે.

મેઘરજમાં મનરેગા યોજનામાં લાખ્ખોનું કોભાંડ : તપાસ ધીમી ગતીએ

ધનસુરા, તા. ૧૦

અરવલ્લીના મેઘરજ તાલુકામાં થોડા સમય પહેલા મનરેગા યોજના અંતર્ગત લાખો રૂપિયાનું કૌભાંડ બહાર આવ્યું હતુ જેની તપાસ ધઈમી ગતિએ ચાલી રહી છે ત્યારે નાગરિકોમાં આ મામલે તંત્ર સામે કૌભાંડમાં પણ કૌભાંડની ગંધ આવી રહી છે. આથી કૌભાંડીઓ સામે સત્વરે કાર્યવાહી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી હતી. જેમાં તાલુકાના સ્થાનિક વહીવટીતંત્રની મીલીભગતથી થોડા સમય પહેલા યોજનાના લાખો રૂપિયા ચાઉ થઈ ગયા હતા. બાદમાં આ સમગ્ર મામલાની પોલ ખુલતા નરેગામાં કૌભાંડ બહાર આવ્યું હતું જેની તપાસ કરવા આદર્શો પણ અપાયા હતા પરંતુ આ તપાસ પણ સાવ ધીમી ગતિએ થઈ રહી છે અને તપાસ દરમિયાન કેટલાક પુરાવાનો પણ નાશ કરવામાં આવ્યો છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ત્યારે સ્થાનિકોમાં પણ ભારે રોષ ફેલાયો છે. તો બજા કૌભાંડ આચરનાર કૌભાંડીઓ લાખો રૂપિયા ભેગા કરી ખુલ્લેઆમ ફરી રહ્યા છે. સત્વરે આ સમગ્ર કૌભાંડ સંદર્ભે રાજ્ય વિજીલીન્સ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે અને કૌભાંડ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી તાલુકાની જનતાની ઉગ્ર માંગ છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર-ડીસા હાઈ-વે પર ડીવાઈડર વચ્ચે ઉગેલા ફૂલછોડને પાણી પાવા ઉભેલા ટેન્કર પાછળ પુરપાટ ઝડપી આવતી કાર ઘૂસી જતા એક વ્યક્તિનું ઘટનાસ્થળેજ કમકમાટી ભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું.

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અંગ્રેજી માટે નવતર પધ્ધતિઓનો પ્રયોગ

ઈડર, તા.૧૦

ઈડરની યુનિક યુઈન્ટરનેશનલ સ્કૂલ માં વિદ્યાર્થીઓને ગ્રામ્ય વિસ્તારમાં પણ ૨૧મી સદીની જરૂરિયાત પ્રમાણે વૈશ્વિક ફલક પર સફળ થવા માટે

જરુરી જ્ઞાન, કૌશલ્યો અને અભિગમ વિકસાવવા વિવિધ પધ્ધતિઓ અમલમાં મુકવામાં આવી છે. આ પધ્ધતિઓમાં ગણિત અંગ્રેજી વગેરે મહત્વના વિષયો સહિત આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તાલીમ પણ આપવામાં આવે છે.

આ શાળામાં બાળકોને 'ચાલો શીખીએ પાંચ નવા શબ્દો' અંતર્ગત અંગ્રેજીના તાસમાં વિવિધ વિષય વસ્તુ સાથે જોડીને પાંચ નવા શબ્દો શીખવવામાં આવે છે જેનાથી બાળકોના શબ્દભંડોળને સમૃધ્ધ બનાવવા પ્રયત્ન કરાય છે. વ્યકિત ગત કે સામૂહિક પ્રેઝન્ટેશન, રોલ પ્લે અને વિદેશી વ્યકિતઓ સાથે વાતચીત દ્વારા સ્પોકન ઈંગ્લીશની નિયમિત તાલીમ આપવામાં આવે છે. અંગ્રેજી વિષયમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે જીપીએસસી, યુપીએસસી, ટોફેલ, આઈઈએલટીએસ માટે સઘન તાલીમ અને ઈંગ્લીશ ઓલ્મિપયાડની પરીક્ષા દ્વારા બાળકોને આંતરરાષ્ટ્રીય માહોલ પૂરો પાડવામાં આવે છે.

અંગ્રેજી જેવા અઘરા વિષયને સફળ બનાવવા વ્યાકરણને વ્યવહારુ રીતે શીખવવા બહારના નિષ્ણાંત કોચીંગ દ્વારા સરસ રીતે શીખવાડાય છે. યુએસએ, યુકે અને જર્મની જેવા દેશોમાંથી વિદેશી તજજ્ઞોને બોલાવી અંગ્રેજી ભાષાના પાયાના કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન અપાય છે. આ માટે ડીજીટલ ટેકનોલોજીની મદદથી ખાસ સોફટવેર દ્વારા બાળકોને વ્યાકરણ, વાતચીત કરવાની કલા તથા શબ્દોના સારા ઉચ્ચારણ શીખવાડાય છે. 'સ્કાય પી' અને ઈમેલ દ્વારા વિદેશના નિષ્ણાંતો સાથે સંવાદ કરી અંગ્રેજી ભાષા અંગે જ્ઞાન અપાય છે.

ખેડબ્રહ્મામાં માં અંબાના સાંનિધ્યે યોજાનાર ચૈત્રી પૂનમના મેળાની તડામાર તૈયારીઓ

ખેડબ્રહ્મા, તા.૧૦

ગુજરાતના પ્રસિધ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મામાં અંબાજી માતાના સાંનિધ્યમાં ચૈત્રી સુદ પૂનમનો મેળો ભરાય છે. ત્રણ દિવસ ચાલનારા આ મેળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં માઈભકતો ઉમટી પડવાની ધારણા હોઈ વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

ખેડબ્રહ્મા અંબિકા માતાજી ટ્રસ્ટ દ્વારા ચૈત્રી પૂનમના મેળાની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. મેળાના સ્થળે પ્લોટની હરાજીનું કામ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. મેળામાં રોજીરોટી કમાવા માટે દુકાનો ખોલતા નાના વેપારીઓ ખુશ છે જેના માટે મામલતદાર એચ.એન. મોદી તથા નાયબ મામલતદાર (મહેસુલ) પી.બી. જોષી દ્વારા તૈયારી શરુ કરાઈ છે. જેમાં ગામતલના ૯૮ પ્લોટની હરાજી કરવામાં આવી હતી જેમાં ૮૨૦૦૦ની આવક થવા પામી હતી.

અંબાજી, જુનાગઢ, તરણેતર, ડાકોર, શામળાજી અને બહુચરાજીમાં ભરાતા મેળાઓનું ધાર્મિક મહત્વ છે તેમ ખેડબ્રહ્માના અંબામાના ચૈત્રી પુનમના મેળાનું ધાર્મિક મહત્વ છે. આ મેળો સુદ ૧૩ થી શરુ થઈ પૂનમ સુધી ભરાય છે અને મેળો માણવા ભકતો ઉમટી પડે છે અને મેળાના દિવસો દરમિયાન મા ભગવતીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. મા અંબાના ચરણે દુર દુરથી આવતા શ્રધ્ધાળુઓ શ્રીફળ, કંકુ, ચુંદડી, પ્રસાદ ચડાવવાનું ચુકતા નથી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ યાત્રિકોના ધસારાને પહોંચી વળવા અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા તૈયારીઓ પૂર્ણતાના આરે છે. મેળા દરમિયાન સલામતી અને સુરક્ષા માટે પોલિસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે તેવું પી.એસ.આઈ. જી.કે. ઈસરાનીએ જણાવ્યં હતું. પૂનમના દિવસે ગ્રહણ છે જે પાળવાનું નથી તેમ ટ્રસ્ટના મેનેજરે જણાવ્યું હતું.



પાટણમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારનું ફોર્મ રદ

આજે ફોર્મ ચકાસણીનો દિવસ હોવાથી પાટણ કલેક્ટર કચેરી ખાતે મુખ્ય ચૂંટણી અધિકારીએ તમામ ઉમેદવારોને સાથે રાખી ફોર્મ ચકાસણીની કામગીરી હાથ ધરી હતી જેને પગલે પાટણ કલેક્ટર કચેરી ખાતે સવારથી જ હાઈવોલ્ટેજ પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. જો કે બપોરે પોણા ત્રણ વાગ્યે આમઆદમી પાર્ટીના ઉમેદવાર અતુલ પટેલનું ફોર્મ રીજેક્ટ થવાની પરિસ્થિતિ નિર્માણ થતાં જ પત્રકારોએ આ અંગે જિલ્લા કલેક્ટર અને મુખ્ય ચૂંટણી અધિકારી એચ.એન. ઠક્કરનો સંપર્ક કર્યો હતો અને આ અંગે તેઓની રૂબરૂ મુલાકાત લેતા પરિસ્થિતિ સ્પષ્ટ બની હતી કે ટેકેદારના નામમાં અને ઈલેક્શન યાદીમાં નામ ડીફરન્ટ જણાતા આમઆદમી પાર્ટીના અતુલ પટેલનું ફોર્મ રદ કરવામાં આવ્યું હતું. આ અંગે અતુલ પટેલને પુછતા આ સમગ્ર પ્રક્રિયામાં રાજકીય રીતે તેમનું કાસળ કાઢવામાં આવ્યું હોવાનું કેમેરા સમક્ષ જણાવ્યું હતું. અને આ અંગે તેમના વકીલ યાકુબભાઈએ હાઈકોર્ટમાં જવાની વાત કરી હતી.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સેજીપુરા પાસેથી ૮૭,૨૦૦નો વિદેશી દારૂ પકડાયો

પ્રાંતિજ તાલુકાના સેજીપુરા પાસેથી બાતમીના આધારે હિંમતનગર એલ.સી.બી. પોલીસે રૂ. ૮૭ હજારનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. હિંમતનગર એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે પ્રાંતિજના સેજીપુરા ખાતેથી એક કારમાં વિદેશી દારૂ જથ્થો લઈ જવાઈ રહ્યો છે. આથી બાતમીના આધારે એલ.સી.બી.એ વોચ ગોઠવી હતી આ દરમિયાન બાતમીની હકિકત વાળી કાર નં. જીજે-૭ એ.જી. ૭૭૦ પસાર થતા પોલીસે રોકી તેની તપાસ હાથ ધરી હતી. જેનાથી વગર પાસ પરમીટનો રૂ. ૮૭,૨૦૦નો દારૂનો જથ્થો અને રૂ. ૫૫૦ રોકડા તેમજ કાર મળી કુલ ૨,૭૭,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપી મયુરને ઝડપી પાડયો હતો. એલ.સી.બી. પોલીસે આ સંદર્ભે આરોપી સામે પ્રાંતિજ પોલિસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧